પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૨ | ૩ ફેબ્રુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; મહા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પંજાબ-ગોવામાં ચૂંટણી પ્રચારનો અંત

**ચોથીએ પંજાબમાં ૧૧૭, ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન થશે : પ્રકાશસિંહ બાદલ, સુખબીર બાદલ, નવજોત સિદ્ધુ, અમરિન્દરસિંહ સહિતના અનેક મોટા માથાઓના ભાવિનો ફેંસલો થશે : બંને રાજ્યોમાં જોરદાર રાજકીય ગરમી**



નવી દિલ્હી,તા. ૨

પંજાબ અને ગોવામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનો આજે અંત આવ્યો હતો. પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષોએ જોરદાર ચૂંટણી પ્રચાર કરીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. આજે છેલ્લા દિવસે તમામ સ્ટાર પ્રચારકો પ્રચાર મેદાનમાં દેખાયા હતા. બન્ને રાજ્યોમાં ચોથી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાનાર છે. બન્ને રાજ્યોમાં મુખ્યરીતે ભાજપ અને કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. બીજા બાજુ આમ આદમી પાર્ટી બન્ને રાજ્યોમાં અપસેટ સર્જવા માટે ભારે મહેનત કરી રહી છે. તેના ઉમેદવારો પણ જોરદાર પ્રચાર કરી ચુક્યા છે. પ્રકાશસિંહ બાદલના નેતૃત્વમાં અકાળી દળ-ભાજપ ગઠબંધન સામે કેટલાક પડકારો રહેલા છે. બીજી બાજુ અમરિન્દર સિંહના નેતૃત્વમાં કોંગ્રેસ મેદાનમાં ઉતરી છે. પંજાબમાં મતદારોને પ્રભાવિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી તેમજ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ જોરદાર પ્રચાર કરી ચુક્યા છે. પંજાબની ચૂંટણીમાં મુખ્યરીતે નશાના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### હવે, મુલાયમ ગઠબંધન માટે પ્રચાર કરશે



સપાના સુપ્રિમો મુલાયમસિંહે અગાઉ કોંગ્રેસ સાથેના ગઠબંધનનો વિરોધ કરી પ્રચાર નહી કરવાની જાહેરાત કરી હતી પરંતુ ગુરૂવારે પ્રચાર કરવાની સંમતિ આપી હતી.

### રાહુલે પગંતમાં બેસી લંગર લીધુ



પંજાબના સંગરૂરમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પંગતમાં બેસી લંગર લીધુ હતુ.

### હરેશ રાવતનો બાહુબલી વિડીયો વાયરલ



ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરેશ રાવતનો બાહુબલી દર્શાવતો વિડીયો વાયરલ થતાં ભારે ચર્ચા જાગી હતી. ઉત્તરીય પર્વતો પરથી પડતા પથ્થરોથી આરંભાતા વિડીયોમાં હરેશ રાવતને તાંડવસ્રોતના બેક ગ્રાઉન્ડ મ્યુઝીકમાં બાહુબલીના સ્વરૂપમાં ઉત્તરાખંડ ખભે લઈ ચાલતા દર્શાવાયા છે.

### વરૂણ ગાંધી સ્ટાર પ્રચારક બન્યા



ભાજપે ઉત્તરપ્રદેશના ત્રીજા-ચોથા તબક્કાના મતદાન માટેના સ્ટાર પ્રચારકની યાદીમાં વરૂણ ગાંધી અને ડૉ. મુરલી મનોહર જોષીનો સમાવેશ કરાયો છે.

### ઉત્તરાખંડના પ્રદેશ પ્રમુખ અજય ભટ્ટ ભાજપમાંથી બરતરફ



ઉત્તરાખંડ ભાજપના પ્રદેશ પ્રમુખ અજય ભટ્ટને પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે ઉમેદવારી કરતા પક્ષમાંથી બરતરફ કરાયા છે. વધુ ૧૯ આગેવાનોને પણ પક્ષમાંથી બરતરફી કરાઈ છે.

### રાજુ શ્રીવાસ્તવ ભાજપનો પ્રચાર કરશે

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં જાણીતા કોમેડીયન રાજુ શ્રીવાસ્તવ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં છે. ઉપરાંત જાણીતા અભિનેત્રી હેમા માલિનીનું નામ પણ છે.

# ટ્રમ્પની ટ્રેડ નીતિથી વિશ્વભરમાં ચિંતાનું મોજુ

**ટ્રમ્પની અવધિ શરૂ થતા જ વિવાદો અને લડાઈ-ઝઘડાની શરૂઆત : વૈશ્વિક વેપાર અને કરન્સીમાં તંગદિલી સર્જાવાના સાફ સંકેત : જાપાન, જર્મની અને ચીન ટ્રમ્પની નીતિઓની સામે એકસાથે મેદાનમાં ઉતરે તેવી સંભાવના**



ટોકિયો,તા. ૨

ગ્લોબલ ટ્રેડ વોરના સંકેત દેખાઈ રહ્યા છે. એકબાજુ અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા ફર્સ્ટ કહીને મુક્ત વેપાર વ્યવસ્થાને નિયંત્રિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે બાકીના દેશો એ બાબતની ખાતરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે કે કારોબાર અને વેપાર સાથે જોડાયેલી ટ્રમ્પની ધમકીનો યોગ્ય જવાબ આપવામાં આવે. ટ્રમ્પ હાલમાં કહી ચુક્યા છે કે જર્મની અને જાપાન વિદેશી ચલણ બજારને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પે તેમના પર પોતાના હિત માટે બજારની દિશા નક્કી કરવા માટેનો આક્ષેપ કર્યો છે. આના પર પ્રતિક્રિયા આપતા જાપાનના

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ મુસ્લિમ દેશ પર કુવેતનો વિઝા પ્રતિબંધ

**અમેરિકાએ સાત મુસ્લિમ દેશો પર પ્રતિબંધ બાદ કુવેતનો નિર્ણય : શરણાર્થીઓના બદલામાં કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓ પણ કુવેતમાં ઘુસણખોરી કરી શકે છે તેવી દહેશત વ્યક્ત કરીને અંતે કઠોર નિર્ણય કરાયો**

કુવેત, તા. ૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા શુક્રવારના દિવસે સાત મુસ્લિમ બહુમતીવાળા દેશો ઉપર પ્રતિબંધ મુકવાનો કારોબારી આદેશ જારી કરીને ખળભળાટ મચાવી દીધાના દિવસો બાદ જ હવે કુવેતે પણ ઈરાક, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન અને સિરિયાના નાગરિકો માટે વિઝા જારી કરવા ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. આ નિર્ણયની પણ સીધી અસર જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમેરિકાના નિર્ણયની દિશામાં આગળ વધીને કુવેતના આ નિર્ણયને જોવામાં આવે છે. કુવેત સરકારે આ સંદર્ભમાં ખુલાસો કરતા કહ્યું છે કે આ પાંચ પ્રતિબંધિત દેશોમાથી લોકો વિઝા માટે અરજી કરી શકશે નહીં કારણ કે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓ સામાન્ય લોકો અને શરણાર્થીઓના સ્વરૂપમાં દેશમાં આવી શકે છે. ઈન્ટરનેશનલના એક અહેવાલમાં આ મુજબનો આદેશ કરાયો છે. ગયા સપ્તાહમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે હસ્તાક્ષર કરેલા એક્ઝીક્યુટીવ ઓર્ડર હેઠળ સાત મુસ્લિમ દેશો ઉપર ૧૨૦ દિવસ સુધી પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ત્રાસવાદી હાફિઝ સઈદ પર પાકિસ્તાન છોડવા પર બ્રેક

**દબાણ બાદ હાફિજ સામે વધુ કઠોર કાર્યવાહી : કુખ્યાત હાફિજની સાથે સાથે અન્ય ૩૭ ત્રાસવાદી લીડરો પણ દેશ છોડીને ફરાર થઈ શકશે નહી : કઠોર નિયંત્રણો**



ઈસ્લામાબાદ,તા. ૨

પાકિસ્તાન સરકારે વધતા જતા દબાણ સમક્ષ ઝુંકીને હવે જમાત ઉદ દાવાના લીડર અને લશ્કરે તોયબાના લીડર હાફિજ સઈદને લાહોરમાં નજર કેદ હેઠળ રાખવામાં આવ્યા બાદ હવે તેની સામે વધારે કઠોર કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. પાકિસ્તાન સરકારે હાફિજનુ નામ એગ્ઝિટ કન્ટ્રોલની યાદીમાં મુકી દીધુ છે. આ કાર્યવાહી કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ડોલર સામે રૂપિયો આઠ સપ્તાહની ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૨

ડોલર સામે રૂપિયો આજે સતત સાતમાં કારોબારી સેશનમાં મજબૂતી સાથે રહ્યો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો આઠ સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. લોકલ ઈક્વીટી અને એશિયન કરન્સી માર્કેટમાં અમેરિકી ડોલરની ચર્ચા આજે જોવા મળી હતી. ઘરઆંગણે રૂપિયો ૬૭.૩૮ની સપાટીએ રહ્યો હતો. આઠમી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે છેલ્લે આ સપાટી જોવા મળી હતી. ગઈકાલના ૬૭.૪૮ની સામે તેમાં ૦.૧૫ ટકાનો સુધારો આજે જોવા મળ્યો હતો. આ વર્ષની શરૂઆત બાદથી રૂપિયો ૦.૬ ટકા સુધી સુધરી ચુક્યો છે.

# નોટબંધી બાદ ખાતામાં જમા નાણાં પર આઈટીની નજર

**શંકાસ્પદ લેવડ-દેવડવાળા કરદાતા પર તવાઈ : સંતોષજનક જવાબ નહીં મળે તો કરદાતાઓની પૂછપરછ પણ આઈટી વિભાગ દ્વારા કરવામાં આવી શકે છે**

નવી દિલ્હી,તા. ૨

આવકવેરા વિભાગ નોટબંધી બાદ બેંક ખાતામાં જમા કરવામાં આવેલા પૈસામાં તપાસ કરશે. વિભાગ દ્વારા એવા લોકો પાસેથી ઓનલાઈન આ પ્રક્રિયામાં સામેલ થવા માટે સૂચના આપવામાં આવી છે. વિભાગ ડેટા આંકડામાં અભ્યાસ કરીને આઠમી નવેમ્બર બાદ ખાતામાં જમા કરવામાં આવેલા પૈસાના સંદર્ભમાં કરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં આવશે. પૂછપરછ હાથ ધરવામાં આવશે. જો કોઈ કરદાતાના જવાબ યોગ્ય મળશે નહીં તો તપાસ પણ કરવામાં આવશે. આવા કરદાતાઓ પર તવાઈ આવી શકે છે. ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. આવકવેરા વિભાગના રડાર પર હાલમાં એવા લોકો છે જેના ખાતામાં નોટબંધી બાદ પૈસા જમા કરવામાં આવ્યા છે પરંતુ આ લોકોની લેવડ દેવડ શંકાસ્પદ દેખાઈ રહી છે. વિભાગ દ્વારા એવા ખાતામાં જમા કરવામાં આવેલા પૈસાના સોર્સની માહિતી એકત્રિત કરીને તપાસ પ્રક્રિયાને આગળ

● અનુસંધાન પાન-૭ પર

# શેરબજારમાં તેજી : ૮૫ પોઈન્ટનો સુધારો

**સેન્સેક્સ કારોબારના અંતે ૨૮૨૨૬ની સપાટીએ : નિફ્ટી ૧૮ પોઈન્ટ સુધરીને ૮૭૩૪ની ઉંચી સપાટીએ મિડકેપ તેમજ સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ નજીવો સુધારો**

મુંબઈ,તા. ૨

શેરબજારમાં આજે તેજી યથાવત રીતે જારી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ અને નિફ્ટી બંને સુધારા સાથે બંધ રહ્યા હતા. ગઈકાલના સેશનમાં બજેટ બાદ આશરે બે ટકાનો સુધારો રહ્યા બાદ કારોબારીઓ અને મૂડીરોકાણકારોએ રાહતનો દમ લીધો છે. દલાલ સ્ટ્રીટમાં આગામી સપ્તાહમાં જારી કરવામાં આવનાર પોલિસી સમીક્ષા ઉપર પણ તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બીજી બાજુ યુરોપિયન સેન્ટર બેંક અને બેંક ઓફ ઈંગ્લેન્ડની પોલિસી બેઠકને લઈને પણ ચર્ચા છે.

આજે કારોબારના અંતે સેન્સેક્સ ૮૫ પોઈન્ટ સુધરીને ૨૮૨૨૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૮ પોઈન્ટ સુધરીને ૮૭૩૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં સુધારો રહ્યો હતો. આમાં ૦.૯ અને ૧ ટકાનો સુધાર રહ્યો હતો. ઓટોના વેચાણના નબળા આંકડા સપાટી ઉપર આવ્યા છે. ઓટો શેરમાં આજે ઘટાડો રહ્યો હતો.







